सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | | ૨૯ | ૧૧ | ૨૦૦૪ |
| રજીસ્ટર તારીખ | | ૨૯ | ૧૧ | ૨૦૦૪ |
| ફેસલ તારીખ | | ૨૩ | ૦૭ | ૨૦૨૪ |
| સમયગાળો | | વર્ષ | માસ | દિવસ |
| | | ૧૯ | ૦૭ | ૨૪ |

**મે. નામદાર ૧૩ માં એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**(ડી.આર.જોષી) સાહેબની કોર્ટમાં, (કોર્ટ નં.૧૨), મુ.અમદાવાદ સીટી.**

**ફોજદારી કેસ નંબર – ૩૩૭૬/૨૦૦૪.**
**આંક – ૧૭.**

**ફરિયાદી**

શ્રી સરકાર
જી.આઈ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૦૨/૨૦૦૪.

**વિરૂદ્ધ**

**આરોપીઓ**

૧. બંકીમ ચંદુલાલ મોદી,
રહે.૧૪૬૨/૧, પંડીતજીની પોળ પાસે,
મ્યુનિસિપલ લાયબ્રેરી સામે, અમદાવાદ.

૨. નિલેશભાઈ મનહરભાઈ રાવલ,
રહે.૬૯૪, બાપુ મહેતાની પોળ, રાયપુર,
નાઈવાડો, ખાડીયા, અમદાવાદ.

**ચાર્જ –** ભારતિય દંડ સંહિતાની કલમ–૪૧૯–૧૧૪ મુજબ.

૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–

ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.ઝેડ.રાજપુત
બચાવપક્ષે વિ.વ.શ્રી આર.આઈ.મનસુરી

૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–

## -:: ચૂકાદો ::-

(૧) સદર કામના આરોપીઓ વિરૂદ્ધ ભારતિય દંડ સંહિતાની કલમ-૪૧૯-૧૧૪ મુજબના ગુન્હાના આક્ષેપો છે.

- **ફરિયાદપક્ષના કેસનો ટુંકસાર**

(૨) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓએ એકબીજાની મદદગારીમાં તા.૦૪-૧૦-૨૦૦૪ ના કલાક ૨૩-૩૦ વાગ્યાના સુમારે વિંઝોલ પાટીયા પાસે પોતાના કબજામાં કોઈપણ લખાણ કે આધાર વગર રૂા.૩૧,૦૦,૦૦૦/- ભારતિય ચલણના નાણાં રાખી ચેકીંગ દરમ્યાન મળી આવેલ ત્યારે આ કામના આરોપીએ પોતાનું સાચુ નામ છુપાવીને પોતાનું નામ અતુલ કાન્તીભાઈ રાણા રહે.રાહુલ ટાવર, વ્રજધામ મંદિર પાસે, આનંદ નગર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ હોવાનું જણાવી ખોટા નામે ઠગાઈ કરેલ તેમજ આરોપી નં.૨નાઓએ તેઓને મદદગારી કરી ગુન્હો કર્યા અંગેની ફરિયાદ આ કામના ફરિયાદીએ દાખલ કરતાં સદર ગુન્હાની તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ હાલના આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતાં આંક-૦૧ મુજબનું ચાર્જશીટ કરેલ હતુ.

- **આરોપીઓને વિના મુલ્યે નકલો - તહોમતનામું - નિવેદન**

(૩) આ કામના આરોપીઓને સમન્સની બજવણી થતાં તેઓ વકિલશ્રી મારફત હાજર થયેલ હતા. જેથી મારા પૂર્વગામી વિ.મેજીસ્ટ્રેટશ્રી દ્વારા તેઓને પોલિસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ હતી. ત્યારબાદ, તેઓએ આરોપીઓ વિરૂદ્ધના આક્ષેપો સંદર્ભે આંક-૦૩ થી તહોમતનામું ફરમાવેલ હતુ. જે તેઓને વાંચી, સંભળાવી, સમજાવી તે સંદર્ભે આંક-૦૩ થી આંક-૦૪ સુધી નિવેદન રેકર્ડ કરતાં આરોપીએ આક્ષેપિત ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરેલ હતો. જેથી સદર કામે ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ હતો.

■ **<u>ફરિયાદપક્ષના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાનો ટુંકસાર</u>**

(૪) ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>(૪–એ) મૌખીક પુરાવો</u>**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૬ | ફરિયાદી જીતેન્દ્ર અમૃતલાલ ઉપાઘ્યાયની જુબાની. |
| ૨. | ૦૯ | પંચ સાહેદ કિરીટકુમાર નટવરસિંહ સોલંકીની જુબાની. |
| ૩. | ૧૩ | પંચ સાહેદ અનિલભાઈ ઈશ્વરભાઈ બહેવાલની જુબાની. |
| ૪. | ૧૬ | તપાસ કરનાર અમલદાર જફરઉલ્લાખાન સત્તારખાન પઠાણની જુબાની. |

**<u>(૪–બી) દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૭ | ફરિયાદ. |
| ૨. | ૦૮ | રકમ કબજે કર્યાનું પંચનામું. |
| ૩. | ૧૦ | આરોપીઓની શરિર સ્થિતિનું પંચનામું. |
| ૪. | ૧૪ | રકમ કબજે કર્યાના પંચનામાની નકલ. |

આ સિવાય ફરિયાદપક્ષે અન્ય કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

■ **<u>ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીઓના વિશેષ નિવેદનો.</u>**

(૫) ફરિયાદપક્ષે રજુ કરેલ ઉપરોકત મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા સંદર્ભે આ કામના આરોપીઓનું ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૩૧૩ ની જોગવાઈ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાઓ ખોટો છે તેવું જણાવેલ છે. વધુમાં તેઓ બચાવના સાહેદ તપાસવા માંગતા નથી કે સોગંદ ઉપર પુરાવો રજુ કરવા માંગતા નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, તેઓએ પોલિસને સંતોષકારક પુરાવા સહિત જવાબ આપેલ હતો પરંતુ પોલિસે મંજુર રાખેલ નહી અને તેઓ વિરૂદ્ધ કામગીરી બતાવવા ખોટી ફરિયાદ કરેલ છે.

■ **<u>બંને પક્ષોની દલીલોનો ટુંકસાર</u>**

(૬) ત્યારબાદ, ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તેમજ બચાવપક્ષના વિ.વ.શ્રીની વિસ્તૃત મુદ્ધાસરની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬–એ) ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી રાજપુતએ દલીલ કરેલ છે કે, આ કામના આરોપીઓ બનાવ સમયે અને સ્થળે આધાર કે લખાણ વગરના રોકડ નાણાં રૂા.૩૧,૦૦,૦૦૦/– સાથે મળી આવેલ હતા અને તે સમયે આરોપી નં.૧ નાએ ખોટું નામ ધારણ કરી ઠગાઈ કરેલ હતી અને તે ગુન્હામાં આરોપી નં.૨ નાઓએ આરોપી નં.૧ ને મદદગારી કરેલ હતી. ફરિયાદીનો મૌખિક પુરાવો તેમજ પંચનામું જોતાં આરોપીઓ વિરૂદ્ધનો ગુન્હો નિઃશંકપણે સાબિત થાય છે. તેથી આરોપીઓને આક્ષેપિત ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી યોગ્ય સજા કરવા રજુઆત કરેલ છે.

(૬–બી) આરોપીઓના વિ.વ.શ્રી મનસુરીએ દલીલ કરેલ છે કે, સદર ગુન્હાના કામે પોલિસે ખોટી રીતે કામગીરી બતાવવા માટે આરોપીઓને સંડોવી દીધેલ છે. આરોપીઓ પાસેથી જે રોકડ રકમ કબજે થયેલ હતી તે રકમ આરોપીઓને પરત મળી ગયેલ છે. આરોપીઓએ ખોટું નામ ધારણ કરેલ હતું તેવા કોઈ પુરાવા રજુ થયેલ નથી કે આરોપીઓએ ખોટું નામ ધારણ કરી ઠગાઈ કરેલ હતી તેવું નિઃશંકપણે સાબિત થતું નથી. સદર ગુન્હાના કામે એકમાત્ર ફરિયાદીનો પુરાવો રજુ થયેલ છે અને અન્ય સાહેદોનો પુરાવો રજુ થયેલ નથી. રજુ થયેલ પંચનામાઓ પંચ સાહેદોના પુરાવાથી સાબિત થતા નથી. બનાવમાં અનેક શંકાઓ ઉપસ્થિત થાય છે. તેથી આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૭) સદર કેસનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**<u>:: મુદ્દા ::</u>**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીઓએ એકબીજાની મદદગારીમાં તા.૦૪–૧૦–૨૦૦૪ ના કલાક ૨૩–૩૦ વાગ્યાના સુમારે વિંઝોલ પાટીયા પાસે પોતાના કબજામાં કોઈપણ લખાણ કે આધાર વગર રૂા.૩૧,૦૦,૦૦૦/– ભારતિય ચલણના નાણાં રાખી ચેકીંગ દરમ્યાન મળી આવેલ ત્યારે આ કામના આરોપીએ પોતાનું સાચુ નામ છુપાવીને પોતાનું નામ અતુલ કાન્તીભાઈ રાણા રહે.રાહુલ ટાવર, વ્રજધામ મંદિર પાસે, આનંદ નગર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ હોવાનું જણાવી ખોટા નામે ઠગાઈ કરેલ તેમજ આરોપી નં.૨નાઓએ તેઓને મદદગારી કરી, <u>ભારતિય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ–૪૧૯–૧૧૪</u> મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો અને નિર્ણયો માટેનાં કારણો નીચે મુજબ છે.

મુદ્દા નંબર – ૧ "નકારમાં".
મુદ્દા નંબર – ૨ "આખરી હુકમ મુજબ".

**<u>––––પુરાવાનું અર્થઘટન તેમજ નિર્ણયો માટેના કારણો–––</u>**

- **<u>મુદ્દા નં.૧–૨</u>**

(૯) ઉપસ્થિત મુદ્દા નં.૧–૨ ની હકિકતો પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય, ઉપરોકત બંને મુદ્દાઓની એકીસાથે નીચે મુજબ ચર્ચા કરવામાં આવેલ છે.

(૯.૧) <u>કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો તેમજ ભારતિય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ–૧૦૧ તેમજ કલમ–૧૦૨</u> ની જોગવાઈ મુજબ ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂદ્ધના આક્ષેપો નિઃશંકપણે પૂરવાર કરવા જરૂરી છે અને ફરિયાદપક્ષ જયાં સુધી પુરાવાથી આરોપીઓ વિરૂદ્ધના આક્ષેપો પુરવાર ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવાની રહે છે. વધુમાં, આરોપીઓ વિરૂદ્ધના આક્ષેપોની સાબિતીનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલ છે. ફોજદારી કેસોમાં પુરાવાનું મુલ્યાંકન સામાન્ય સમજણ ધરાવતી વ્યકિત કરે તે રીતે કરવાનું રહે છે. દરેક કેસ તે

કેસની હકિકતો, પુરાવો, સંજોગો તેમજ ગુણદોષ ઉપર આધારિત હોય છે. કોઈપણ હકિકતની સાબિતી માટે ચોક્કસ સંખ્યામાં સાહેદોનો પુરાવો રજુ થવો જરૂરી નથી. એકમાત્ર વ્યકિત જો વિશ્વસનિય પુરાવો રજુ કરે અને તે પુરાવો વિશ્વાસ પેદા કરતો હોય અને તે પુરાવાનું વ્યાજબી રીતે ખંડન થયેલ ન હોય ત્યારે તે પુરાવા ઉપર વિશ્વાસ રાખી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય છે. હકિકતે પુરાવાની ગુણવત્તા મહત્વની છે નહી કે પુરાવાનો જથ્થો. વધુમાં ન્યાયશાસ્ત્રના સિદ્ધાંતો મુજબ, આરોપીઓ વિરૂદ્ધ આક્ષેપાયેલ તહોમત શંકારહિત, સચોટ અને માનવાલાયક પુરાવાથી સાબિત કરવાની જવાબદારી ફરિયાદપક્ષ ઉપર રહેલ છે. ફરિયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉપસ્થિત થતી હોય ત્યારે તેનો લાભ આરોપીઓને મળવાપાત્ર બને છે. શક્યતા કે અટકળો આધારીત ઉભી કરાયેલ શંકાને વ્યાજબી શંકા કહી શકાય નહી અને તેનો લાભ આરોપીઓને મળે નહી. વધુમાં ન્યાયશાસ્ત્રના સિદ્ધાંતો મુજબ, આરોપીઓ વિરૂદ્ધ ગમે તેટલી મજબુત શંકા હોય તો પણ શંકા એ શંકા જ રહે છે અને તે પુરાવાનું સ્થાન લઈ શકે નહી. ફરિયાદપક્ષના પુરાવાના આધારે જયારે બે મંતવ્યો પ્રતિપાદિત થતા હોય ત્યારે આરોપીઓની તરફેણનું મંતવ્ય માનવું જોઈએ. ફોજદારી કેસોમાં ગુણદોષ ઉપરના નિર્ણય સમયે ન્યાયાધિશએ સત્ય શોધવાનું કાર્ય કરવાનું હોય છે. કોઈ નિર્દોષ વ્યકિતને ખોટી રીતે સજા ન થઈ જાય તે જોવાનું રહે છે તેની સાથે સાથે દોષિત વ્યકિત ગુન્હામાંથી છટકી ન જાય તે પણ જોવાનું રહે છે. નાની વિસંગતતાઓ કે વિરોધાભાસોને અવગણવાના છે અને મહત્વનો અને વિશ્વસનિય પુરાવો નજર સમક્ષ રાખવાનો હોય છે. દરેક કેસમાં નાની મોટી વિસંગતતા કે વિરોધાભાસો આવે તે સ્વાભાવિક છે પરંતુ જો આવી વિસંગતતાઓ કે વિરોધાભાસો ફરિયાદપક્ષના કેસને મુળમાંથી અસર ન કરતા હોય તો તેની અવગણના કરવાની રહે છે કારણકે કોઈપણ વ્યકિત કે જે અદાલત સમક્ષ સાહેદ તરીકે પુરાવો રજુ કરવા આવે છે તે દરેકની વર્તણૂંક, સ્મરણશકિત, વિચારવાની કે અવલોકન કરવાની શકિત જુદી જુદી હોય છે

અને દરેકને એકસરખી ચોક્કસ યાદદાસ્ત હોય અને તેઓ ટેપરેકોર્ડરની માફક અક્ષરશઃ પુરાવો રજુ કરે તે જરૂરી નથી. ઉપરોકત સિદ્ધાંતો નજર સમક્ષ રાખી હાલના કેસમાં ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાનું અર્થઘટન કરવામાં આવેલ છે.

(૯.૨) સૌપ્રથમ આરોપીઓ વિરૂદ્ધના આક્ષેપિત ગુન્હાઓ તેમજ ગુન્હાઓ અંગેની કાયદાકિય જોગવાઈઓ ધ્યાને લઈએ તો તે નીચે મુજબ છે.

* <u>The Indian Penal Code, 1860.</u>

<u>Section 416. Cheating by personation</u>

\- A person is said to "cheat by personation" if he cheats by pretending to be some other person, or by knowingly substituting one person for or another, or representing that he or any other person is a person other than he or such other person really is.

<u>Explanations-</u> The offence is committed whether the individual personated is a real or imaginary person.

<u>Illustrations</u>

1. A cheats, by pretending to be a certain rich banker of the same name. A cheats by personation.
2. A cheats by pretending to be B, a person who is deceased. A cheats by personation.

<u>Section 419. Punishment for cheating by personation</u>

\- Whoever cheats by personation shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both.

<u>Section-114. Abettor present when offence is committed.—</u>

\- Whenever any person, who is absent would be liable to be punished as an abettor, is present when the act or offence for which he would be punishable in consequence of the abetment is committed, he shall be deemed to have committed such act or offence.

(૯.૩) હવે, સદર કામની ફરિદની હકિકત ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદી જીતેન્દ્ર અમરતલાલ પ્રજાપતી, પોલિસ ઈન્સ્પેકટર, જી.આઈ.ડી.સી.વટવા પોલિસ સ્ટેશન નાઓએ આરોપીઓ વિરૂદ્ધ તા.૦૫-૧૦-૨૦૦૪ ના રોજ હાલના ગુન્હાની ફરિયાદ નોંધાવેલ છે અને તેમાં આરોપીઓએ ખોટું નામ ધારણ કરી ઠગાઈ કરેલ હોવાનું જણાવેલ છે.

(૯.૪) હવે, ઉપરોકત ફરિયાદ સંદર્ભે ફરિયાદીનો મૌખિક પુરાવો ધ્યાને લેવો જરૂરી બને છે. ફરિયાદપક્ષે આંક-૦૬ થી ફરિયાદી જીતેન્દ્ર અમરતલાલ ઉપાધ્યાયને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, તા.૦૫-૧૦-

૨૦૦૪ ના રોજ તેઓ પોલિસ ઈન્સ્પેકટર, જી.આઈ.ડી.સી.વટવા પોલિસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા ત્યારે મોબાઈલ પેટ્રોલીંગના ઈન્ચાર્જ હેડ કોન્સ્ટેબલ રમાશંકરએ શક પડતા બે ઈસમોને બે થેલા સાથે તેઓ પાસે રજુ કરેલ. જેઓના નામ પુછતાં એક માણસે પોતાનું નામ અતુલભાઈ કાન્તીલાલ રાણા રહે.આનંદનગર, અમદાવાદ અને બીજા ઈસમે પોતાનું નામ નિલેશ મનહરલાલ રાવલ રહે.અમદાવાદ હોવાનું જણાવેલ. જેઓના પાસેના થેલા જોતાં જુદા જુદા દરની ૧૦૦–૫૦૦–૧૦૦૦ ની દરની કરન્સી નોટો જણાતાં તેઓને પુછતાં કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી. બંને ઈસમોના નિવેદનો લઈ સહી કરાવેલ અને મુદ્દામાલના નાણાં કબજે કર્યાનું પંચનામું પંચો રૂબરૂ કરી મુદ્દામાલ કબજે લીધેલ. તપાસમાં બંને ઈસમોની ઉંડી પુછપરછ કરતાં ખરેખર અતુલ કાન્તીલાલ રાણા રહે.આનંદનગરવાળા જેઓ બંકીમ ચંદુલાલ મોદી સાચુ નામ ધરાવતા હતા અને તેઓએ પોતાનું ખોટું નામ સરનામું લખાવેલ. આ રીતે બંને જણાની પુછપરછ કરી આરોપી નિલેશે તેઓને મદદગારી કરેલ હોય તેઓ વિરૂદ્ધ ભારતિય દંડ સંહિતાની કલમ–૪૧૯–૧૧૪ મુજબનો ગુન્હાની તેઓએ ફરિયાદ દાખલ કરેલ. આંક–૦૭ ની ફરિયાદ તેમજ આંક–૦૮ ના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં જણાવે છે કે, તેઓની ઉમર ૭૨ વર્ષની હોય અને બનાવને ઘણા વર્ષો વિતી ગયા હોય આરોપીઓ અદાલતમાં હાજર હોય તો પણ તેઓને ચોક્કસ ઓળખી શકે નહી. બચાવપક્ષની ઉલટતપાસમાં સ્વીકારે છે કે, બંને ઈસમોને પકડીને લાવનાર રમાશંકર તેઓના હાથ નીચેના અમલદાર હતા. તેઓ આરોપીઓને કયારે લાવેલ તે ફરિયાદમાં દર્શાવેલ નથી. આરોપીઓએ ખોટા નામ સરનામા લખાવેલ હોય તે અંગે મૌખિક પુછપરછ સિવાય અન્ય કોઈ આધાર ફરિયાદ સાથે રજુ કરેલ નથી. તેઓએ ફરિયાદ દાખલ કરતાં પહેલા પૈસા આરોપીઓના જ છે કે કેમ ? તે અંગે કોઈ પ્રાથમિક તપાસ કરેલ નથી. આરોપીઓ પાસેથી મળી આવેલ નોટોના નંબર તેમજ નોટો કયા દરની હતી તે ફરિયાદમાં દર્શાવેલ નથી.

(૯.૫) ફરિયાદપક્ષે આંક–૧૦ થી આરોપીઓની શરિર સ્થિતિનું પંચનામું રજુ કરેલ છે. તે સંદર્ભે આંક–૦૯ થી પંચ સાહેદ કિરીટકુમાર નટવરસિંહ સોલંકીને સોગંદ ઉપર તપાસેલ છે. સદર પંચ સાહેદ ફરી ગયેલ જાહેર થયેલ છે અને પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. ફરિયાદપક્ષે સદર પંચનામાના બીજા પંચ સાહેદને તપાસેલ નથી.

(૯.૬) ફરિયાદપક્ષે આંક–૦૮(આંક–૧૪) થી રજુ થયેલ આરોપીઓ પાસેથી રોકડ રકમ કબજે કર્યાના પંચનામા સંદર્ભે આંક–૧૩ થી પંચ સાહેદ અનિલભાઈ ઈશ્વરભાઈ બહેવાલને સોગંદ ઉપર તપાસેલ છે. સદર પંચ સાહેદ ફરી ગયેલ જાહેર થયેલ છે અને પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. ફરિયાદપક્ષે સદર પંચનામાના બીજા પંચ સાહેદને તપાસેલ નથી.

(૯.૭) ફરિયાદપક્ષે આંક–૧૬ થી સદર ગુન્હાના તપાસ કરનાર અમલદાર જફરઉલ્લાખાન સત્તારખાન પઠાણને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની સરતપાસ દરમ્યાન આક્ષેપિત ગુન્હાની તપાસમાં તેઓએ કરેલ કામગીરી અંગેનો વિગતવારનો પુરાવો રજુ કરે છે અને સદર ગુન્હાની તપાસ શ્રી જે.એ.ઉપાધ્યાયએ કરેલ હોવાનું જણાવે છે. વધુમાં તેઓએ ગુન્હાની તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતાં ચાર્જશીટ કરેલ હોવાનું જણાવે છે. બચાવપક્ષની ઉલટતપાસમાં સ્વીકારે છે કે, તેઓએ ચાર્જશીટ દાખલ કર્યા સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી.

(૧૦) ઉપરોકત સમગ્ર વિગતે ફરિયાદપક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. જે પુરાવો ધ્યાને લઈ આરોપીઓ વિરૂદ્ધના આક્ષેપો સંદર્ભે તે પુરાવાની મુલવણી કરવામાં આવે તો, આંક–૦૬ થી સદર કામના ફરિયાદી જીતેન્દ્ર અમરતલાલ ઉપાધ્યાય પોતાના પુરાવામાં જણાવે છે કે તા.૦૫–૧૦–૨૦૦૪ ના રોજ મોબાઈલ પેટ્રોલીંગના ઈન્ચાર્જ હેડ કોન્સ્ટેબલ રમાશંકરએ બે શક પડતાં ઈસમોને તેઓ સમક્ષ બે થેલા સાથે

રજુ કરેલ હતા અને તેઓના થેલા જોતાં અલગ અલગ દરની કરન્સી નોટ થેલામાં હતી. જેથી તેઓએ નાણાનું પંચનામું પંચોની હાજરીમાં તૈયાર કરેલ હતુ. બંને ઈસમોને નામ પુછતાં એક માણસે પોતાનું નામ અતુલ કાંતિલાલ રાણા અને બીજા માણસે પોતાનું નામ નિલેશ મનહરલાલ રાવલ હોવાનું જણાવેલ હતુ. સદર બંને ઈસમોની ઉંડી તપાસ કરતાં જે ઈસમે પોતાનું નામ અતુલ કાંતિલાલ રાણા જણાવેલ હતુ તેનું ખરૂ નામ બંકીમ ચંદુલાલ મોદી હતુ અને બીજા ઈસમે તેઓને મદદ કરેલ હતી. જે હકિકત સંદર્ભે ફરિયાદીની ઉલટતપાસ જોતાં તેઓ સ્વીકારે છે કે, રમાશંકર આરોપીઓને તેઓ સમક્ષ કયારે લાવેલ હતા તે સમય ફરિયાદમાં દર્શાવેલ નથી. વધુમાં સ્વીકારે છે કે, મૌખિક પુછપરછ સિવાય અન્ય કોઈ આધાર તેઓએ ફરિયાદ સાથે રજુ કરેલ નથી. આમ, આ કામના ફરિયાદીના પુરાવામાંથી હેડ કોન્સ્ટેબલ રમાશંકર તેઓ પાસે આરોપીઓને કયારે લાવેલ હતા તે સ્પષ્ટ થતું નથી. વધુમાં આરોપીઓની પુછપરછ દરમ્યાન તેઓ પાસેથી કોઈ દસ્તાવેજી આધારો મેળવેલ હોય તેવું પણ જણાઈ આવતું નથી. ફરિયાદી તેઓના પુરાવામાં આરોપીઓની ઉંડી પુછપરછ કરતાં આરોપી નં.૧ નાએ પોતાનું ખોટું નામ જણાવેલ હોવાનો પુરાવો રજુ કરે છે પરંતુ કેવી રીતે આરોપી નં.૧ નાઓની ઉંડી પુછપરછ કરેલ હતી ? તેઓ પાસેથી કોઈ દસ્તાવેજો મેળવેલ હતા કે કેમ ? તે અંગે કોઈ સ્પષ્ટતા થતી નથી. વધુમાં, ફરિયાદી પોતાના પુરાવામાં અન્ય આરોપીએ મદદગારી કરેલ હોવાનું જણાવે છે પરંતુ કેવી રીતે મદદગારી કરેલ હતી તે અંગે પણ સ્પષ્ટતા થતી નથી. આરોપી નં.૨ નાઓએ પોતાનું ખોટું નામ જણાવેલ હોઈ તેવો ફરિયાદપક્ષનો કોઈ કેસ નથી. ફરિયાદી પોતાના પુરાવામાં તેઓ સમક્ષ જે આરોપીઓને રજુ કરેલ હતા તેઓને કોર્ટે રૂબરૂ ચોક્કસ ઓળખી શકે નહી તેવું પણ જણાવે છે. આંક-૦૭ થી રજુ થયેલ ફરિયાદની હકિકતો ધ્યાને લેતાં મોબાઈલ ઈન્ચાર્જ હેડ કોન્સ્ટેબલ રમાશંકરનાઓએ હાલના આરોપીઓને બે થેલામાં રહેલ રોકડ રકમ રૂા.૩૧,૦૦,૦૦૦/- સાથે પકડેલ હતા અને હાલના ફરિયાદી કે જેઓ

જી.આઈ.ડી.સી. વટવા પોલિસ સ્ટેશનમાં સીનીયર પોલિસ ઈન્સ્પેકટર હતા તેઓ સમક્ષ રજુ કરેલ હતા તેવું જણાઈ આવે છે. ફરિયાદપક્ષે સદર હેડ કોન્સ્ટેબલ રમાશંકરનો પુરાવો રજુ કરેલ નથી. આમ, ફરિયાદીના પુરાવાના સમર્થનમાં હેડ કોન્સ્ટેબલ રમાશંકરનો પુરાવો રજુ થયેલ ન હોય ફરિયાદીના પુરાવાને અન્ય સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી. ફરિયાદી તેઓના પુરાવા દરમ્યાન તેઓએ કબજે લીધેલ રોકડ રકમનું પંચોની હાજરીમાં પંચનામું કરેલ હતુ તેવું જણાવે છે પરંતુ ફરિયાદીનો સમગ્ર પુરાવો જોતાં તેઓ સ્વીકારે છે કે, કબજે થયેલ કરન્સી નોટ આરોપીઓની જ હતી કે કેમ ? તે અંગે તેઓએ કોઈ પ્રાથમિક તપાસ કરેલ ન હતી. આમ, કહેવાતી જે કરન્સી નોટો કબજે કરવામાં આવેલ હતી તે ખરેખર આરોપીઓની જ હતી કે અન્ય કોઈની હતી અને શા કારણોસર આરોપીઓ પાસે શક પડતી જણાયેલ હતી ? તે અંગે કોઈ સ્પષ્ટતા થતી નથી. સદર ગુન્હાના તપાસ કરનાર અમલદાર દ્વારા પણ તપાસના કામે આવી કોઈ હકિકત અંગે તપાસ કરવામાં આવેલ હોઈ તેવું જણાઈ આવતું નથી. વધુમાં ફરિયાદી સ્વીકારે છે કે, તેઓએ કબજે કરેલ નોટના નંબર ફરિયાદમાં દર્શાવેલ નથી કે નોટ કયા દરની હતી તે પણ દર્શાવેલ નથી. આમ, ફરિયાદીના પુરાવામાં કબજે નોટ અંગે જે કાર્યવાહી કરવામાં આવેલ હતી તે અંગે મહત્વની શંકા ઉપસ્થિત થાય છે. સદર કામે મુદ્ામાલ નોટ કબજે કર્યાનું પંચનામું આંક-૦૮(આંક-૧૪) રજુ થયેલ છે. જે સંદર્ભે ફરિયાદપક્ષે આંક-૧૩ થી પંચ સાહેદ અનિલભાઈ ઈશ્વરભાઈ બહેવાલને સોગંદ ઉપર તપાસેલ છે. સદર પંચ સાહેદ પંચનામાની હકિકતને સમર્થન કરતા નથી અને ફરી ગયેલ જાહેર થયેલ છે. ફરિયાદપક્ષે સદર પંચનામાના બીજા પંચ સાહેદને તપાસેલ નથી. આમ, તપાસેલ સ્વતંત્ર પંચ સાહેદના પુરાવાથી આરોપીઓ પાસેથી કરન્સી નોટો કબજે થયેલ હતી તે હકિકત સાબિત થતી નથી કે ફરિયાદીએ તેઓના મૌખિક પુરાવામાં નોટો કબજે કર્યા તેમજ તે અંગે પંચનામું કરેલ હોવાની જે હકિકત જણાવે છે તે હકિકતને પણ પંચ સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી. જે ફરિયાદીના પુરાવામાં

શંકા ઉપસ્થિત કરે છે. ફરિયાદપક્ષે આંક–૧૦ થી આરોપીઓની શરિર સ્થિતિનું પંચનામું રજુ કરેલ છે. જે સંદર્ભે ફરિયાદપક્ષે આંક–૦૯ થી પંચ સાહેદ કિરીટકુમાર નટવરસિંહ સોલંકીને તપાસેલ છે. સદર પંચ સાહેદ ફરી ગયેલ જાહેર થયેલ છે અને ઉપરોકત પંચનામાની હકિકતને સમર્થન કરેલ નથી. તે જોતાં આ કામના આરોપીઓ પોલિસ સ્ટેશનમાં હાજર હોઈ ત્યારે તેઓની શરિર સ્થિતિનું પંચનામું કરવામાં આવેલ હતી તે હકિકત સ્વતંત્ર પંચ સાહેદના પુરાવાથી સાબિત થતી નથી કે તેવી કોઈ હકિકતને સમર્થન પ્રાપ્ત થતું નથી. ફરિયાદપક્ષે સદર પંચનામાના બીજા પંચ સાહેદને તપાસેલ નથી. આંક–૧૬ થી રજુ થયેલ સદર ગુન્હાના તપાસ કરનાર અમલદાર જફરઉલ્લાખાન સત્તારખાન પઠાણનો પુરાવો જોતાં સદર ગુન્હાની તપાસ ફરિયાદી જે.એ.ઉપાધ્યાયએ કરેલ હતી અને આગળની તપાસમાં તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતાં ચાર્જશીટ કરેલ હતુ તેવું જણાવે છે. સદર કામે ફરિયાદપક્ષ તરફથી આવા કોઈ અન્ય સાહેદોનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આમ, અન્ય સાહેદોના પુરાવાના અભાવે ફરિયાદની હકિકતોને સમર્થન પ્રાપ્ત થતું નથી તેવું માનવામાં આવે છે. આમ, ફરિયાદપક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવો જોતાં ફરિયાદીના પુરાવામાં શંકા પ્રવર્તે છે અને તેઓના પુરાવાને અન્ય પુરાવાથી સમર્થન મળતું નથી. સદર કામના ફરિયાદી કે જેઓ સીનીયર પોલિસ ઈન્સ્પેકટર છે અને તેઓએ જ સદર ગુન્હાની શરૂઆતની તપાસ કરેલ છે અને તપાસના કામે કહેવાતી નોટો કબજે કર્યા તેમજ આરોપીઓની શરિર સ્થિતિનું પંચનામું કરેલ છે. ઉપર ચર્ચા કર્યા મુજબ, આરોપીઓ પાસેથી કરન્સી નોટ કબજે કર્યાનું તેમજ આરોપીઓની શરિર સ્થિતિનું પંચનામું સ્વતંત્ર પંચ સાહેદોના પુરાવાથી સાબિત થયેલ નથી. આરોપી નં.૧ નાઓએ ખોટું નામ ધારણ કરેલ હતુ તે હકિકત અન્ય દસ્તાવેજો જોતાં ધ્યાનમાં આવેલ હતી તેવું જણાઈ આવતું નથી અને માત્ર ઉંડી પુછપરછ કરતા જાણવા મળેલ હતુ તે હકિકત માનવા શંકા પ્રેરાય છે. બંને આરોપીઓ પાસેથી તેઓની

ઓળખ અંગેના દસ્તાવેજો કબજે કરવામાં આવેલ હોય તેવું પણ જણાઈ આવતું નથી. આરોપી નં.૨ નાઓએ પોતે ખોટું નામ ધારણ કરેલ હતુ તેવો ફરિયાદપક્ષનો કોઈ કેસ નથી. આરોપી નં.૨ નાઓએ કેવી રીતે આરોપી નં.૧ નાઓને મદદગારી કરેલ હતી તે સ્પષ્ટતા થતી નથી. આરોપીઓએ ખોટું નામ ધારણ કરી કેવી રીતે ઠગાઈ કરેલ હતી તે અંગે પણ કોઈ હકિકત સ્પષ્ટપણે સાબિત થયેલ નથી. આ કામના આરોપીઓ પાસેથી જે રકમ કબજે કરવામાં આવેલ હતી તે કેવી રીતે શક પડતી રોકડ રકમ હતી ? તે અંગે પણ કોઈ માનવાલાયક પુરાવો રજુ થયેલ નથી. વધુમાં, સદર કબજે થયેલ રકમ અંગે આવકવેરા વિભાગને જાણ કરવામાં આવેલ હોય અને આવકવેરા વિભાગ દ્વારા તપાસ કરી સદર રકમ બિનહિસાબી અથવા તો શક પડતી હતી તેવું પોતાની તપાસ દરમ્યાન માનેલ હોય તેવા પણ કોઈ દસ્તાવેજો ફરિયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ નથી. આમ, ફરિયાદપક્ષના કેસમાં અનેક શંકાઓ ઉપસ્થિત થાય છે અને તે શંકાઓનું માનવાલાયક પુરાવાથી નિરાકરણ થતું નથી. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ જયારે ફરિયાદપક્ષના કેસમાં અનેક મજબુત શંકાઓ ઉપસ્થિત થતી હોય અને તે શંકાઓનું યોગ્ય પુરાવાથી નિરાકરણ થતું ન હોઈ ત્યારે તે શંકાનો લાભ આરોપીઓને મળવાપાત્ર બને છે. હાલના કિસ્સામાં પણ ચર્ચા કર્યા મુજબ, આરોપીઓને શંકાનો લાભ મળવાપાત્ર બને છે તેવું માનવામાં આવે છે. તે જોતાં, બંને આરોપીઓ વિરૂદ્ધના ભારતિય દંડ સંહિતાની કલમ-૪૧૯-૧૧૪ મુજબના ગુન્હાના આવશ્યક તત્વો શંકાથી પર સાબિત થતા નથી તેવું માનવામાં આવે છે. આરોપીઓના વિ.વ.શ્રી તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે, તેઓને ઈન્કમટેક્ષ વિભાગ તરફથી કબજે થયેલ રકમ પરત મળી ગયેલ છે. વધુમાં, સદર કામે મોબાઈલ ફોન્સ કબજે થયેલ છે તે અંગે કોઈ હુકમ થયેલ હોઈ તેવું રેકર્ડ ઉપર જણાઈ આવતું નથી. જેથી સદર ચૂકાદામાં કબજે થયેલ મુદ્દામાલ અંગે યોગ્ય હુકમ કરવો જરૂરી જણાઈ આવે છે. આમ, સમગ્ર વિગતે ચર્ચા કર્યા

મુજબ, ફરિયાદપક્ષ આ કામના આરોપીઓ વિરૂદ્ધના આક્ષેપિત ગુન્હાના આવશ્યક તત્વો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનવામાં આવે છે.

(૧૧) ઉપરોકત સમગ્ર વિગતે ચર્ચા કર્યા મુજબ, ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધ આક્ષેપિત ગુન્હાના આવશ્યક તત્વો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ રહેલ હોઈ તેમજ ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાઓથી આરોપીઓને આક્ષેપિત ગુન્હાઓના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોઈ, ઉપસ્થિત મુદ્દા નં.૧ પરત્વે મારો જવાબ "નકારમાં" ઠરાવું છું અને ઉપસ્થિત મુદ્દા નં.૨ પરત્વે, ઉપરોકત ચર્ચા મુજબ, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**--હુકમ--**

૧. ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨૪૮(૧) ની જોગવાઈ મુજબ આ કામના આરોપીઓને તેઓની વિરૂદ્ધના ભારતિય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૪૧૯-૧૧૪ મુજબના ગુન્હા સબબ પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીઓની રજુઆત મુજબ કબજે થયેલ રોકડ રકમ તેઓને પરત મળી ગયેલ હોઈ તે અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી. કબજે થયેલ મોબાઈલ ફોન્સ અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે શરતો વિના કાયમ રાખવામાં આવે છે અન્યથા જે વ્યકિત પાસેથી કબજે થયેલ છે તેઓની ઓળખ અંગેનો આધાર મેળવી તેઓને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) ની જોગવાઈ મુજબ દરેક આરોપીએ રૂ.૧૦,૦૦૦/- નવા જામીન તેમજ તેટલી જ રકમનો જાતમૂચરકો રજુ કરવા અન્યથા તેઓના જામીન તેમજ જાતમુચરકો રદ કરવામાં આવતા નથી પરંતુ સદર હુકમ વિરૂદ્ધ જો અપીલ થાય તો વધુ છ માસના ગાળા માટે અગાઉના જામીનને ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

\- હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩-૦૭-૨૦૨૪.
અમદાવાદ.

(દેવાંગ રવિરાય જોષી)
૧૩ માં એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
(કોર્ટ નં.૧૨), અમદાવાદ સીટી.
(કોડ નંબર – જીજે૦૦૯૪૫)

Self.